**GUJARAT BILL NO. 18 OF 2023.**

# THE GUJARAT TAXATION LAWS (AMENDMENT) BILL, 2023.

***A BILL***

*further to amend certain taxation laws.*

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૮ .**

## ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૩.

## કરવેરાને લગતા અમુક કાયદા વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોતેરમા વર્ષમાં નીચે પ્રમાણે અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** (૧) આ અધિનિયમ, ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૫નો ગુજરાતનો ૧લો.

**૨.** (૧) ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩માં,- સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમમાં સુધારો.

(ક) કલમ ૩૦માં, પેટા-કલમ (૫)માં, “વાર્ષિક અઢાર ટકાના દરે” એ શબ્દોને બદલે, “રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા વાર્ષિક અઢાર ટકાના દરથી વધુ નહિ તેટલા દરે” એ શબ્દો મૂકવા;

(ખ) કલમ ૩૭માં, પેટા-કલમ (૪)માં, “વાર્ષિક અઢાર ટકાના દરે” એ શબ્દોને બદલે, “રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા વાર્ષિક અઢાર ટકાના દરથી વધુ નહિ તેટલા દરે” એ શબ્દો મૂકવા.

(ગ) કલમ ૪૨માં,

(૧) પેટા-કલમ (૪)માં, “વાર્ષિક અઢાર ટકાના દરે”, એ શબ્દોને બદલે “રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા વાર્ષિક અઢાર ટકાના દરથી વધુ નહિ તેટલા દરે” એ શબ્દો મૂકવા.

(૨) પેટા-કલમ (૬)માં, "વાર્ષિક અઢાર ટકાના દરે", એ શબ્દોને બદલે "રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા વાર્ષિક અઢાર ટકાના દરથી વધુ નહિ તેટલા દરે" એ શબ્દો મૂકવા.

(૩) પેટા-કલમ (૭)માં, "વાર્ષિક અઢાર ટકાના દરે", એ શબ્દોને બદલે "રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા વાર્ષિક અઢાર ટકાના દરથી વધુ નહિ તેટલા દરે" એ શબ્દો મૂકવા.

(ઘ) કલમ ૫૯ખ-માં, પેટા-કલમ (૧૩)માં, "વાર્ષિક અઢાર ટકાના દરે" એ શબ્દોને બદલે, "રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા વાર્ષિક અઢાર ટકાના દરથી વધુ નહિ તેટલા દરે" એ શબ્દો મૂકવા.

સન ૨૦૦૧ના ગુજરાતના ૧૩મા અધિનિયમમાં સુધારો.

3. ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ, ૨૦૦૧માં, કલમ ૬માં, "વાર્ષિક અઢાર ટકાના દરે" એ શબ્દોને બદલે, "રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા વાર્ષિક અઢાર ટકાના દરથી વધુ નહિ તેટલા દરે" એ શબ્દો મૂકવા. સન ૨૦૦૧નો ગુજરાતનો ૧૩મો.

સન૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક૧૧માં સુધારો.

૪. ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬માં, કલમ ૯માં, પેટા-કલમ (૧)માં, "દોઢ ટકાનું" એ શબ્દોને બદલે, "રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા દોઢ ટકાથી વધુ નહિ તેટલા દરે" એ શબ્દો મૂકવા. સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૧૧.

સન ૧૯૫૮નો મુંબઈનો ૪૦મો.

૫. ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮માં, કલમ ૮માં, પેટા-કલમ (૧)માં, "દર વર્ષે ૨૪ ટકા" એ આંકડા અને શબ્દોને બદલે, "વાર્ષિક અઢાર ટકા" એ શબ્દો મૂકવા. સન ૧૯૫૮ના મુંબઈના ૪૦મા અધિનિયમમાં સુધારો.

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

૬. ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮માં, કલમ ૪૬માં, પેટા-કલમ (૧)માં, "દર વર્ષે પંદર ટકાના દરે" એ શબ્દોને બદલે, "રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા વાર્ષિક અઢાર ટકાથી વધુ નહિ તેટલા દરે" એ શબ્દો મૂકવા. સન૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમમાં સુધારો.

## ઉદ્દેશો અને કારણો

કરવેરાને લગતા વિવિધ કાયદા, વેરા અને શુલ્કની વિલંબિત ચૂકવણી પર વ્યાજ વસૂલ કરવાના  સંબંધમાં જોગવાઇઓ ધરાવે છે. સરકારી બાકી લેણાની વસૂલાત ઝડપથી કરવાના અને દાવાની સંખ્યા ઘટાડવાના ઉદ્દેશથી, આવા શિક્ષાત્મક વ્યાજના દર સુયોજિત કરવા જરૂરી છે. જેથી કરીને જાહેરનામાથી વ્યાજના નીચા દર નિર્દિષ્ટ કરવાની સુગમતા સહિત કાયદામાં મહત્તમ દર અંગે જોગવાઈ કરી શકાય.

ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવાના હેતુથી, કરવેરાને લગતા અમુક કાયદા જેવા કે ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩, ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ, ૨૦૦૧, ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬, ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ અને ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ યોગ્ય રીતે સુધારવા જરૂરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમો સુધારવા ધાર્યું છે.

**કનુભાઈ દેસાઈ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઇ કરી છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૨.-** (૧) આ કલમથી સુધારવા ધારેલી ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૩૦ની પેટા-કલમ (૫)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, કોઇ વેપારી વેરાની ચુકવણી માટે ઠરાવેલ સમયની અંદર વેરાની રકમ ન ચૂકવે, ત્યારે આવા વેપારીએ, આવી રીતે વણચૂકવાયેલી વેરાની રકમ અથવા આવી મુદત દરમિયાન વણચૂકવાયેલી રહેતી તેનાથી ઓછી કોઇ રકમ ઉપર, વેરા પર વાર્ષિક અઢાર ટકાથી વધુ નહિ તેટલો વ્યાજનો દર, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે;

(૨) આ કલમથી સુધારવા ધારેલી ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩-ની કલમ ૩૭ની પેટા-કલમ (૪)થી, રાજ્ય સરકારને, આકારણી કર્યે, આપેલ કામચલાઉ રિફંડ વધારે પડતું જણાય, તો, કામચલાઉ રિફંડ આપ્યાની તારીખથી

આકારણીની તારીખ સુધીની મુદત માટે વેપારીએ વાર્ષિક અઢાર ટકાના દરથી વધુ નહિ તેટલા દરે વ્યાજ ચૂકવવું એમ રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે;

(૩) આ કલમથી સુધારવા ધારેલી ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩-ની કલમ ૪૨ ની પેટા-કલમ (૪)થી, રાજ્ય સરકારને, સદરહુ કલમ ૪૨ ની પેટા-કલમ (૨) હેઠળ, કમિશનર દ્વારા લંબાવવામાં આવે તેવી અથવા મંજૂર કરવામાં આવે તેવી હપ્તાની મુદત માટે વેપારીએ વાર્ષિક અઢાર ટકાના દરથી વધુ નહિ તેટલા દરે વ્યાજ, ચૂકવવું એમ રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે;

(૪) આ કલમથી સુધારવા ધારેલી ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩-ની કલમ ૪૨ ની પેટા-કલમ (૬)થી, રાજ્ય સરકારને, કલમ ૩૦ની પેટા-કલમ (૧), (૨) અથવા (૩) હેઠળ વેરો ભરવા માટે ઠરાવેલ સમય પૂરો થયાની તારીખથી શરૂ થતી અને આકારણી, ફેરઆકારણી અથવા પુનર્વિલોકનના હુકમની તારીખે પૂરી થતી મુદત માટે, એવી રીતે ન ભરાયેલ વેરાની રકમ અથવા એવી મુદત દરમિયાન વણચૂકવાયેલ તેનાથી ઓછી કોઈ રકમ પર વેપારીએ વાર્ષિક અઢાર ટકાના દરથી વધુ નહિ તેટલા દરે વ્યાજ, ચૂકવવું એમ રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે;

(૫) આ કલમથી સુધારવા ધારેલી ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩-ની કલમ ૪૨ ની પેટા-કલમ (૭)થી, રાજ્ય સરકારને પેટા-કલમ (૧) હેઠળ આવતી વેરાની રકમ, નિર્દિષ્ટ તારીખે અથવા તે પહેલાં ભરે નહિ, ત્યારે એવા વેપારીએ નિર્દિષ્ટ તારીખે શરૂ થતી અને ચૂકવણીની તારીખે પૂરી થતી મુદત માટે એવી રીતે ન ભરેલ વેરાની રકમ અથવા એવી મુદત માટે બાકીની વણચૂકવાયેલ તેનાથી ઓછી કોઇ રકમ પર વેપારીએ વાર્ષિક અઢાર ટકાના દરથી વધુ નહિ તેટલા દરે, વ્યાજ ભરવું એમ રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે;

(૬) આ કલમથી સુધારવા ધારેલી ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૫૯-ખ-ની પેટા-કલમ (૧૩)થી, રાજ્ય સરકારને, કલમ ૫૩-ખ ની પેટા-કલમ (૭)માં નિર્દિષ્ટ કરેલ સમયગાળો પૂરો થયાની તારીખથી શરૂ કરીને સરકારી તિજોરીમાં રકમની ચૂકવણીની તારીખે પૂરી થતી મુદત માટે, વેપારીએ સરકારી તિજોરીમાં આવી રીતે ન ચૂકવેલ વેરાની રકમ ઉપર, અથવા આવી મુદત માટે

વણચૂકવાયેલી રહેતી તેનાથી ઓછી કોઇ રકમ ઉપર વાર્ષિક અઢાર ટકાના દરે સાદુ વ્યાજ ચુકવવું જાઇશે તે રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

**કલમ ૩.-** આ કલમથી સુધારવા ધારેલી ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ, ૨૦૦૧ની કલમ ૬થી, રાજ્ય સરકારને, વેપારી, ઉપકરની રકમ ચૂકવવા માટે ઠરાવેલી સમય મર્યાદાની અંદર તેની ચૂકવણી ન કરે તો, આવા વેપારીએ, એવી રીતે વણચૂકવાયેલ ઉપકરની રકમ અથવા તેટલી મુદત દરમિયાન વણચૂકવાયેલ રહેતી તેનાથી ઓછી કોઇ રકમ ઉપર, ઉપર્યુકત મુદત વિત્યાની તારીખથી શરુ થતી અને ઉપકરની રકમની ચૂકવણીની તારીખે પૂરી થતી મુદત માટે વાર્ષિક અઢાર ટકાના દરે સાદુ વ્યાજ ચૂકવવુ જોઇશે તે રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

**કલમ ૪.-** આ કલમથી સુધારવા ધારેલી ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૯ની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, વેરો ન ભરાયેલ હોય તે મુદત માટે, દોઢ ટકાથી વધુ ન હોય તેટલો સાદા વ્યાજનો દર રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

**કલમ ૬.-** આ કલમથી સુધારવા ધારેલી ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૪૬ની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, આ અધિનિયમ હેઠળ જેને ડયુટી, દંડ અથવા બીજી રકમો ચૂકવવા ફરમાવ્યું હોય, તેવી વ્યક્તિએ, જે મુદત માટે એવી રકમ વણચૂકવાયેલી રહે તે મુદત માટે સ્ટેમ્પ ડ્યુટી ઉપર, વાર્ષિક અઢાર ટકાથી વધુ નહિ તેટલા સાદા વ્યાજનો દર રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૫ મી સપ્ટેમ્બર, ૨૦૨૩.** **કનુભાઈ દેસાઈ.**

## પુરવણી

## ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)માંથી ઉતારા.

**૩૦.** (૧) થી (૪) XXX XXX XXX

વેરાની મુદતી ચુકવણી અને વેરાની બિન-ચુકવણી ઉપર વ્યાજ.

(૫) કોઇ વેપારી, આ કલમ હેઠળ વેરાની ચુકવણી માટે ઠરાવેલા સમયની અંદર વેરાની રકમ ન ભરે તો, આવા વેપારીએ, એવી રીતે વણચુકવાયેલ વેરાની રકમ અથવા આવી મુદત દરમિયાન વણચુકવાયેલ રહેતી તેનાથી ઓછી કોઇ રકમ ઉપર, ઉપર્યુકત ઠરાવેલ સમય પૂરો થવાની તારીખથી શરૂ કરીને વેરાની રકમની ચુકવણીની તારીખે પૂરી થતી મુદત માટે, વાર્ષિક અઢાર ટકાના દરે સાદું વ્યાજ ભરવું પડશે.

(૬) XXX XXX XXX

કામચલાઉ રિફંડ.

**૩૭.** (૧) થી (૩) XXX XXX XXX

(૪) આકારણી કર્યે, પેટા-કલમ (૨) હેઠળ આપેલ કામચલાઉ રિફંડ વધારે પડતું જણાય, તો વધારાનું રિફંડ જાણે કે આ અધિનિયમ હેઠળ વેપારી પાસેથી લેણો થતો વેરો હોય એમ વસૂલ કરવું જાઇશે અને એવી વધારાની રકમ પર, કામચલાઉ રિફંડ આપ્યાની તારીખથી આકારણીની તારીખ સુધીની મુદત માટે વાર્ષિક અઢાર ટકાના દરે વ્યાજ લેવામાં આવશે.

**૪૨.** (૧) થી (૩) XXX XXX XXX

વેરાની ચૂકવણી અને વસૂલાત અને વિલંબિત ચૂકવણી ઉપર વ્યાજ.

(૪) પેટા-કલમ (૨) હેઠળ લંબાવવામાં આવે તેવી અથવા મંજૂર કરવામાં આવે તેવી હપ્તાની મુદત માટે વાર્ષિક અઢાર ટકાના દરે વ્યાજ લેવામાં આવશે.

(૫) XXX XXX XXX

(૬) કલમ ૭૫ હેઠળ પુનર્વિલોકનને અધીન, હોય તો, કલમ ૩૪ અથવા કલમ ૩૫ હેઠળ કોઇ મુદત માટે આકારેલ અથવા ફેરઆકારેલ વેરાની રકમ, તે મુદત માટે વેપારીએ અગાઉ ભરેલ વેરાની રકમ કરતાં વધારે હોય ત્યારે, તેવા વેપારીએ, કલમ ૩૦ની પેટા-કલમ (૧), (૨) અથવા (૩) હેઠળ વેરો ભરવા માટે ઠરાવેલ સમય પૂરો થયાની તારીખથી શરૂ થતી અને આકારણી, ફેરઆકારણી અથવા યથાપ્રસંગ, પુનર્વિલોકનના હુકમની તારીખે પૂરી થતી મુદત માટે, એવી રીતે ન ભરાયેલ વેરાની રકમ અથવા એવી મુદત દરમિયાન વણચૂકવાયેલ તેનાથી ઓછી રકમ પર વાર્ષિક અઢાર ટકાના દરે સાદું વ્યાજ ભરવું પડશે.

(૭) કોઇ વેપારી, પેટા-કલમ (૧) હેઠળ આવતી વેરાની રકમ, નિર્દિષ્ટ કરેલ તારીખે અથવા તે પહેલાં ભરે નહિ, ત્યારે એવા વેપારીએ નિર્દિષ્ટ તારીખે શરૂ થતી અને ચૂકવણીની તારીખે પૂરી થતી મુદત માટે એવી રીતે ન ભરેલ વેરાની રકમ અથવા એવી મુદત માટે વણચૂકવાયેલ તેનાથી ઓછી કોઇ રકમ પર વાર્ષિક અઢાર ટકાના દરે સાદું વ્યાજ ભરવું પડશે:

પરંતુ વેપારીએ કલમ-૨૮ની પેટા-કલમો (૧) અને (૨) હેઠળ, જામીનખતના સ્વરૂપમાં હોય તે સિવાયની જામીનગીરી આપેલ હોય ત્યારે, કમિશનર, વાજબી અને પૂરતા કારણો લેખિતમાં નોંધીને ઉપર્યુકત પ્રમાણે વણચૂકવાયેલ વેરા, દંડ અથવા વ્યાજની બાકી કોઈ રકમ અથવા તેનો કોઇ ભાગ સમગ્રતઃ જામીનગીરી અથવા તેનો કોઇ ભાગ સરકારદાખલ કરવાનો હુકમ કરીને વસૂલ કરી શકશે.

**૫૯ખ.** (૧) થી (૧૨) XXX XXX XXX

અમુક કિસ્સામાં મૂળ સ્થાનેથી કપાત.

(૧૩) પેટા –કલમ (૩) ની જોગવાઇઓ અનુસાર વેરાની રકમની કપાત કરતી વ્યકિત, પેટા-કલમ (૭) હેઠળ તેમાં નિર્દિષ્ટ કરેલ સમયગાળાની અંદર આવી રીતે કપાત કરેલી રકમ સરકારી તિજારીમાં ન ભરે, ત્યારે આવી વ્યકિતએ, પેટા-કલમ (૧૨) હેઠળ તેના ઉપર નાંખેલ દંડ ઉપરાંત, પેટા-કલમ (૭)માં નિર્દિષ્ટ કરેલ સમયગાળો પૂરો થયાની તારીખથી શરૂ કરીને સરકારી તિજોરીમાં રકમની ચૂકવણીની તારીખે પૂરી થતી મુદત માટે, વાર્ષિક અઢાર ટકાના દરે સાદુ વ્યાજ સરકારી તિજોરીમાં આવી રીતે ન ચૂકવેલ વેરાની રકમ ઉપર અથવા આવી મુદત માટે વણચૂકવાયેલી રહેતી તેનાથી ઓછી કોઇ રકમ ઉપર ચુકવવું જાઇશે.

(૧૪) XXX XXX XXX

## પુરવણી

## ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ, ૨૦૦૧ (સન ૨૦૦૧ના ગુજરાતના ૧૩મા)માંથી ઉતારા.

ઉપકરની વિલંબિત ચૂકવણી પર વ્યાજ.

૬. કોઇ વેપારી, ઉપકરની રકમ ચૂકવવા માટે ઠરાવેલી સમયમર્યાદાની અંદર, તેની ચુકવણી ન કરે તો, આવા વેપારીએ, એવી રીતે વણચૂકવાયેલ ઉપકરની રકમ અથવા તેટલી મુદત દરમિયાન વણચૂકવાયેલ રહેતી તેનાથી ઓછી કોઇ રકમ ઉપર, ઉપર્યુક્ત મુદત વીત્યાની તારીખથી શરૂ થતી અને ઉપકરની રકમની ચુકવણીની તારીખે પૂરી થતી મુદત માટે વાર્ષિક અઢાર ટકાના દરે સાદું વ્યાજ ચૂકવવું પડશે.

## પુરવણી

## ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક.૧૧)માંથી ઉતારા.

વેરાની કપાત ન કરવાના અથવા તે ન ભરવાના પરિણામો.

૯. (૧) (સરકારી અધિકારી ન હોય તેવો) કામે રાખનાર, પગાર અથવા વેતન ચૂકવવાના સમયે વેરો કાપે નહિ અથવા વેરો કાપ્યા પછી, આ અધિનિયમથી અથવા તે હેઠળ ઠરાવ્યા પ્રમાણે વેરો ન ભરે તો તેથી અન્ય જે કોઇ પરિણામો અને જવાબદારીઓ તેને માથે આવે તેને બાધ આવ્યા સિવાય વેરો ન ભરાયેલ હોય તે મુદત માટે, દરેક મહિના અથવા તેના ભાગ માટે લેણા તથા વેરાની રકમના અડધા ટકાનું સાદુ વ્યાજ ભરવાને જવાબદાર રહેશે.

(૨) XXX XXX XXX

## પુરવણી

## ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૪૦મા)માંથી ઉતારા.

વસૂલાતો.

૮. (૧) વિદ્યુત શુલ્ક, જો ઠરાવેલા સમયે અને તેવી રીતે ભરેલું ન હોય તો, તેને લીધે લેણી નીકળતી કોઇપણ રકમ, બાકી રકમ તરીકે ગણાશે અને તેમ થયે, રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નક્કી કરે તેવું દર વર્ષે ૨૪ ટકા કરતાં વધુ ન હોય તેવું વ્યાજ તેવી રકમ ઉપર ભરવાપાત્ર થશે; અને તેની ઉપરના કોઇપણ વ્યાજ સહિત તે રકમ,-

(ક) જો તે રકમ કલમ ૪ની પેટા-કલમ (૧) હેઠળ ભરવાપાત્ર હોય તો રાજ્ય સરકારની પસંદગી પ્રમાણે, ગ્રાહક પાસેથી અથવા સદરહુ પેટા-કલમ ના પરંતુકને આધીન રહીને, લાઇસન્સદાર પાસેથી,

(ખ) જો તે રકમ કલમ ૪ની પેટા-કલમ (૨) હેઠળ ભરવાપાત્ર હોય તો, રાજ્ય સરકારની પસંદગી પ્રમાણે ગ્રાહક પાસેથી અથવા મફત શક્તિ પૂરી પાડનાર વ્યક્તિ પાસેથી,

(ગ) જો તે રકમ કલમ ૪ની પેટા-કલમ (૫) હેઠળ ભરવાપાત્ર હોય તો, લાઇસન્સદાર પાસેથી અથવા યથાપ્રસંગ જે વ્યક્તિ તેના પોતાના ઉપયોગ માટે શક્તિ ઉત્પન્ન કરતી હોય તે તે વ્યક્તિ પાસેથી,

- દીવાની ન્યાયાલય મારફત અથવા જમીન મહેસૂલની બાકી તરીકે, વસૂલ કરવાપાત્ર થશે.

(૨) થી (૫) XXX XXX XXX

## પુરવણી

### ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)માંથી ઉતારા.

ડયુટી, દંડ અને વ્યાજની વસૂલાત.

**૪૬.** (૧) આ અધિનિયમ હેઠળ આપવી પડતી ડયુટી, દંડ અથવા બીજી રકમો જે વ્યકિતને આપવા ફરમાવ્યું હોય તેવી કોઇ વ્યકિત, તેની ચુકવણી માટે ઠરાવેલા સમયની અંદર તે ન ભરે ત્યારે તે, એવી રકમ જે મુદત માટે આપવાની બાકી હોય તે મુદત માટે એવી રકમ ઉપર અથવા તેનાથી કોઇ ઓછી રકમ ઉપર, દર વર્ષે પંદર ટકાના દરે સાદુ વ્યાજ આપવાને પાત્ર થશે.

(૨) XXX XXX XXX

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૮ .]

કરવેરાને લગતા અમુક કાયદા વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી કનુભાઈ દેસાઈ,

નાણા મંત્રીશ્રી]

(સન ૨૦૨૩ના સપ્ટેમ્બર મહિનાની ૬ઠ્ઠી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

-------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.